# એન્ટીજન ટેસ્ટ ૧૦૦% સાચા હોય છે ?

- **(અડધો કલાકમાં કોરોનાનો રિપોર્ટ થઈ જાય એ શું છે ?)**
- **(ચોવીસ કલાકે RT-PCR નો રિપોર્ટ અને અડધો કલાકમાં કોરોનાનો એન્ટીજન રિપોર્ટ વચ્ચે શું તફાવત છે?)**
- **(જો એન્ટીજન ટેસ્ટ વધારે સચોટ હોય તો PCR કરવાની શું જરૂર?)**

સવારના નવ વાગ્યા છે હવે રાબેતા મુજબ દરરોજ ૯ થી ૧૦ ગાંડાભાઈ અને ડાહ્યાભાઈ મળે છે. રોજ સુખદુ:ખની વાતો કરે. સમાજમાં શું ચાલે છે ? કોરોના શું કરે છે ? લોકોને કોરોના ભયમુકત્ત કરાવવા શું કરવું જોઈએ. એની ચર્ચાઓ ડાહ્યાભાઈને ગાંડાભાઈ કરતા હોય. સામાન્ય રીતે આવી વાતો પાનના ગલ્લા પર પણ થતી હોય છે. પણ આ બંનેની વાતો પાનના ગલ્લા વાળાની વાતોમાં અંતર હોય. પાનના ગલ્લે આવતા માણસો તમાકુવાળું પાન ખાતા પહેલા અને તમાકુનું પાન ખાધા પછી બે વાતો જુદી હોય. એક વાત દાખલા તરીકે લઈએ જેને તમાકુવાળુ પાન ખાધુ છે એ કહે કે, મોદી સાહેબે તો વટ કરી નાખ્યો. મોદી સાહેબે તો અયોધ્યામાં મંદિરનો શિલાન્યાસ કરીને હિંદુઓની વર્ષો જુની ઈચ્છા પૂર્ણ કરી નાખી. જેને તમાકુવાળુ પાન નથી ખાધુ એ જવાબ આપે બરોબર છે સારું કર્યુ બધું જવા દેને યાર પાન બનાવ... ૧૩૫નો... અને જેવું ૧૩૫નું પાન મોંમાં નાખે અને કરન્ટ આવ્યો. હા, તમે શું કહેતા હતા. મોદી સાહેબે વટ કરી નાખ્યો. અરે બહુ મજા આવી ગઈ યાર. પિતામ્બર પહેરી છટાથી મંદિરનું પૂજન કર્યુ. મજા આવી ગઈ. અરે પેલા વિરોધપક્ષવાળા જોતાને જોતા રહી ગયા. હિંમત તો મોદીની. મોદી હૈ તો મુમકીન હૈ... આવી છટાકેદાર વાતો પાનના ગલ્લે થતી હોય. જયારે ડાહ્યાભાઈ અને ગાંડાભાઈની વાતમાં જ્ઞાન સાથે ગમ્મત હોય. ડાહ્યાભાઈ અને ગાંડાભાઈની વચ્ચે રહેતા વિપુલભાઈ અને નિલેષભાઈ રોજનું જોતા.

બંનેથી રહેવાયું નહીં. આ બંને ભેગા થઈને શું કરે છે? ચલો આપણે પણ જોઈએ. વિપુલભાઈ અને નિલેષભાઈ બંને ગાંડાભાઈની જોડે આવ્યા. અને બોલ્યા યાર તમારી કંપનીમાં પણ અમને લો. ડાહ્યાભાઈ બોલ્યા આવોને અમે તો ગમ્મત સાથે જ્ઞાન લઈએ છીએ. ગાંડાભાઈથી રહેવાયું નહીં. યાર એમ સહેલું નથી અમારી કંપનીમાં જોડાવું. એની શરતો છે... શરત નંબર એક સાંભળવી છે તો કહું. શરત નંબર એક : જુઠું બોલતા આવડવું જોઈએ. અને સત્ય હંમેશા બોલવાનું. શરત નંબર બે : તમારા ઘરમાં તમારું કશું ચાલતું ના હોવું જોઈએ. શરત નંબર ત્રણ : તમારી પત્ની કે બાળકો કહે એમ જ ચાલે. એ શરત મંજૂર છે. વિપુલભાઈ અને નિલેશભાઈ હસી પડ્યા. આવી સાચી વાત જાહેરમાં કરી દેવાની. આપણે કયાં મોદી સાહેબ જેવું છે. આપણે અમિત શાહ જેવું છે. એ પણ આવું કરતાં હશે નઈ...




ડાહ્યાભાઈથી રહેવાયું નહીં ગાંડાભાઈ તમે હદ કરો છો. આવું ના બોલો થોડી સભ્યતા રાખો. ચલો આપણે બીજું બધું બાજુમાં મૂકીએ બેની જગ્યાએ ચાર જણા ચર્ચા કરીએ. ડાહ્યાભાઈ બોલ્યા. હા, ગાંડાભાઈ મારે પ્રશ્ન છે ? આ તમને કોરોનામાં થતાં કાર્ડ ટેસ્ટ એટલે કે એન્ટીજનથી ટેસ્ટ વિશે ખબર છે, કે જેનું પરિણામ અડધો કલાકમાં જ મળી જાય છે. ગાંડાભાઈ બોલ્યા, હા... મને ખબર છે. એન્ટીજન ટેસ્ટ કે કાર્ડની થાય છે તે ફક્ત ગર્વમેન્ટ કરે છે. ખાનગી લેબવાળા એન્ટીજન કે - એન્ટીબોડીની પરમિશન આપેલી નથી. પણ ડાહ્યાભાઈ પેલા લેબોરેટરીવાળા RT-PCRજે ટેસ્ટ કરે એ તો ૨૪ કલાકે રિપોર્ટ આપે છે. તો આવું કેવું ? ડાહ્યાભાઈએ કહ્યું, જુઓ ગાંડાભાઈ, વિપુલભાઈ અને નિલેષભાઈ દરેક પદ્ધતિથી ટેસ્ટ થતા હોય એ સાચો જ હોય. પણ દરેક ટેસ્ટની પોતાની માર્યાદાઓ હોય છે. એન્ટીજન - એન્ટીબોડી ટેસ્ટ જે ખાનગી લેબોરેટરીને પરમિશન નથી આપી એ ટેસ્ટની સેન્સેટીવીટી એટલે કે ચોકસાઈ ઓછી હોય છે. એન્ટીજન કાર્ડ ટેસ્ટથી જો ટેસ્ટ કરવામાં આવે અને જો પોઝીટીવ આવે તો એને કોરોના છે, એમ જ માનવું.

વિપુલભાઈથી રહેવાયું નહીં. અને જો નેગેટીવ હોય તો કોરોના નથી એમ જ ને ? ડાહ્યાભાઈએ કહ્યું, ના. જો એન્ટીજન ટેસ્ટ પોઝીટીવ આવે તો કોરોના છે જ. પણ જો ટેસ્ટ નેગેટીવ આવે તો માણસમાં કોરોના નથી એવું સાબિત નથી થતું. કારણ કે કાર્ડ ટેસ્ટ એન્ટીજનની સેન્સેટીવીટી ઓછી હોય છે. નિલેષભાઈથી રહેવાયું નહીં. ...તો નેગેટીવ કાર્ડ ટેસ્ટ આવે તો શું કરવાનું. આ તો નઈ ઘરના કે નઈ ઘાટના...!!! ડાહ્યાભાઈ એ તમારી વાત સાચી છે - નિલેષભાઈ. જો તમારો કાર્ડ એન્ટીજન ટેસ્ટ નેગેટીવ આવે જે અડધો કલાકમાં રિપોર્ટ આપે છે. જો તમને કોઈ તકલીફ ન હોય. એટલે કે તકલીફના હોય - એટલે કે તાવ ના હોય, ઉધરસ ના હોય, ખાંસી ના હોય, શ્વાસ ના ચડતો હોય, ઝાડા ના થઈ ગયા હોય તો કાર્ડ ટેસ્ટ નેગેટીવ હોય તો કોરોના નથી એમ માનવું. પણ જો તમને ઉપર કહ્યા પ્રમાણે કોઈ પણ જાતની ફરિયાદ હોય કે કલીફ હોય અને હા, ખાસ કરીને તમને ગળી વસ્તુ ગળી ના લાગતી હોય અને તીખી વસ્તુ તીખી ના લાગતી હોય એવું ત્યારે જ બને જયારે માણસમાં કોરોના પોઝીટીવ જ હોય પણ વાયરસનો લોર્ડ શરીરમાં ઓછો હોય ત્યારે ઉપર મુજબના ચિન્હ દેખાય. આવી પરિસ્થિતિમાં તમારે ફરીથી RT-PCR એટલે કે નાકમાંથી અને ગળામાંથી જે સેમ્પલ લેવામાં આવે છે એ ટેસ્ટ કરવો જરૂરી બની જાય છે. ડાહ્યાભાઈ બોલ્યા, તો પછી એન્ટીજન ટેસ્ટનો શું મતલબ. બોલો ગાંડાભાઈ... ડાહ્યાભાઈને કઈ ખબર ના પડી... વિપુલભાઈ અને નિલેશભાઈની સામે જોવા લાગ્યા. તમે જ કહોને ? આ થોડું ઈલેકશન છે યાર? કે સમજણ ના પડે સારો કેન્ડીડેટ ના હોય કે હોય તો ભાજપને જ વોટ આપવો? ડાહ્યાભાઈ બોલ્યા, ગાંડાભાઈ તમે બહુ બુદ્ધિશાળી છો. તમારો કટાક્ષ જોરદાર હોય છે. ડાહ્યાભાઈએ કહ્યું, સરકાર એન્ટીજન ટેસ્ટ એટલા માટે કરે છે કે, જેમાં ઘરે-ઘરે જઈને. હાઈવે ઉપર જેને તકલીફ હોય અથવા ના હોય એ બધાના ટેસ્ટ કરે છે જેથી સમાજમાં કોરોના ફેલાવતા અટકાવે છે. ગાંડાભાઈ બોલ્યા, આ ખબર ના પડી. આનાથી કોરોના કઈ રીતે અટકે ? વિપુલભાઈથી રહેવાયું નહીં... ભલે હવે હું જવાબ આપું છું... ડાહ્યાભાઈ તમે પણ સાંભળો. મને પણ સમજણ પડે છે હો...?! સરકાર કાર્ડ એન્ટીજન ટેસ્ટ એટલે કરે છે કે જે લોકોને કોરોના છે છતાં પણ ખબર નથી કે મને કોરોના છે એવા લોકોને સરકાર શોધવા પ્રયત્ન કરે છે. જેનાથી કોરોના દર્દી જલ્દીથી શોધી શકાય છે અને જેમને હોમ કોરન્ટાઈન કરી દેવાય છે. ચલો હવે કોઈ પ્રશ્ન છે ? હોય તો પ્રશ્ન પૂછજો... તમારા જવાબ તમને મળશે. ચલો હવે દસ વાગ્યા... પોત-પોતાના ઘરે જઈએ. બધાએ માસ્ક પહેરીને જ આવાનું. ઘરે જઈને હાથ ધોઈ નાખજો. અને બીક લાગે તો સાબુથી નાહી લેજો... કારણ કે, આમાંથી કોને કોરોના છે એવું ખબર નથી. અત્યારે કોઈ પણ માણસને કોરોના થઈ શકે. ગભરાવાની જરૂર નથી પણ સાવચેતી ૧૦૦% રાખવી.

- shraddhablood@gmail.com

# સ્વાસ્થ્યપ્રદ કૃષિ ઉત્પાદનો લોકોને પૂરા પાડવા એ ઈશ્વરીય કાર્ય છે : રાજ્યપાલ

**પ્રાકૃતિક કૃષિ અપનાવી રાસાયણિક ખાતર અને જંતુનાશકોના ઝેરથી મુક્ત કૃષિ ઉત્પાદન મેળવવા ખેડૂતોને અનુરોધ કરતા રાજ્યપાલ**

ગાંધીનગર, તા. ૯

ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ખેડૂતોને આહ્વાન કરતા જણાવ્યું છે કે, સામાજિક સ્વાસ્થ્યની જાળવણી માટે પ્રાકૃતિક કૃષિ અપનાવી રાસાયણિક ખાતર અને જંતુનાશકોના ઝેરથી મુક્ત કૃષિ ઉત્પાદનો મેળવવા ખેડૂતો કૃતનિશ્ચયી બને. તેમણે એમ પણ જણાવ્યુ હતું કે, સ્વાસ્થ્યપ્રદ કૃષિ ઉત્પાદનો લોકોને પૂરા પાડવા એ ઈશ્વરીય કાર્ય છે અને પ્રાકૃતિક કૃષિથી રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના ઝેરથી મુક્તિ મળે છે એ અર્થમાં પ્રાકૃતિક કૃષિ માનવજાતની રક્ષા માટેની પૂજા છે.


રાજ્યપાલશ્રીએ હિમાચલ પ્રદેશનારોહરૂ સ્થિત સિંઘ એપલ ઓર્ચર્ડ્સ દ્વારા આયોજીત પાંચમા ફાર્મ ફેસ્ટિવલમાં ઉપસ્થિત પ્રગતિશીલ ખેડૂતોને ડિજીટલ માધ્યમથી સંબોધન કરી પ્રાકૃતિક કૃષિ અપનાવવા પ્રેરણા આપી હતી. તેમણે જણાવ્યુ હતુ કે, કોરોના સંક્રમણનો સામનો કરવા રોગપ્રતિકારક શકિતમાં વધારો થાય તેવા પ્રયાસો જરૂરી છે ત્યારે પ્રાકૃતિક કૃષિથી મેળવેલા ઝેરમુક્ત કૃષિ ઉત્પાદનો લોકોની રોગપ્રતિકારક શકિત વધારવામાં




સહયોગી બને છે. તેમણે જણાવ્યુ હતુ કે આઝાદી બાદ હરિત ક્રાંતિ અને રાસાયણિક કૃષિ એ સમયની માંગ હતી પરંતુ હવે રાસાયણિક કૃષિના દુષ્પરિણામથી લોકોના સ્વાસ્થ્ય સામે ખતરો પેદા થયો છે, ત્યારે રાસાયણિક કૃષિના મજબૂત વિકલ્પ તરીકે પદ્મશ્રી સુભાષ પાલેકરજી પ્રેરિત પ્રાકૃતિક કૃષિ અપનાવવી એ આજના સમયની માંગ છે. એક દેશી ગાયના છાણ અને ગૌમૂત્રથી પ્રાકૃતિક રીતે ૩૦ એકર જમીનમાં આ પદ્ધતિથી ખેતી થઈ શકે છે, જેનાથી પર્યાવરણની રક્ષા થશે, દેશી ગાયનું જતન-સંવર્ધન થશે. કૃષિના પડતર ખર્ચમાં ધરખમ ઘટાડો થશે, જમીનની ફળદ્રુપતા વધશે અને ઝેરમુક્ત ખાદ્યાન્ન મળશે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના વર્ષ ૨૦૨૨માં ખેડૂતોની આવક બમણી કરવાના સંકલ્પને સાકાર કરવા માટે આ પદ્ધતિ મજબૂત વિકલ્પ બની રહેશે તેમ પણ રાજ્યપાલશ્રીએ ભારપૂર્વક જણાવ્યુ હતુ.

આ પ્રસંગે પદ્મશ્રી સુભાષ પાલેકરજી ઉપરાંત સિંઘ એપલ ઓર્ચર્ડ્સના સંસ્થાપક શ્રી ઠાકુરસિંઘ, પર્યાવરણવિદ જગતસિંઘ ચૌધરી સહિત મહાનુભાવોએ ખેડૂતોને માર્ગદર્શન આપ્યુ હતુ તેમજબાગાયત ક્ષેત્રે પ્રાકૃતિક કૃષિની સાફલ્ય ગાથાથી કાર્યક્રમમાં ઉપસ્થિત પ્રગતિશીલ ખડૂતો માહિતગાર થયા હતા.

## જન્મદિને વધામણી



આરતીબેન ભટ્ટ
પૂર્વ પ્રમુખ, લાયોનેસ કલબ



ભરત દેસાઈ
કેમ્પસ મેનેજર, ગુજરાત મેરીટાઈમ યુનિવર્સિટી
મો. ૯૯૦૯૭ ૭૮૫૫૮



ખ્યાતિ ચમરાજ પંડ્યા
મો. ૯૪૨૭૦ ૪૪૮૭૬



રસિકભાઈ જે ગાંધી
મો. ૯૧૭૯૪ ૯૨૨૦૧



દિનાબેન ભટ્ટ
લાયોનેસ કલબ



બિપીનભાઈ કે ભાવસાર
મો. ૯૭૨૩૬ ૭૧૦૨૨



દિશાબેન જણસારી
લાયોનેસ કલબ



જય પટેલ



સોલંકી ફાલ્ગુનીબેન ડી



હર્શિવ નયન રત્નાકર



ચૌહાણ શ્વેતા શાંતિલાલ
મો. ૬૩૫૨૩૯૬૩૫૯



હીર પંકજકુમાર આગજા

**સચેત રહો... સુરક્ષિત રહો...**

# સુથાર સમાજ ગુજરાતનો શૈક્ષણિક ઈનામ વિતરણ સમારોહ યોજાયો



ગાંધીનગર, તા. ૯

સુથાર સમાજ ગુજરાતનો શૈક્ષમિક ઈનામ વિતરણ સમારોહ કોવિડ-૧૯ને ધ્યાનમાં રાખી સમાજના કાર્યાલય ખાતે પ્રમુખ ઠાકોર મિસ્ત્રી થતા મંત્રી સંજયભાઈ ગજ્જર ઈનામ તથા નિઃશુલ્ક ચોપડાનું વિતરણ કરી રહેલા દશ્યમાન થાય છે.

ગત વર્ષે કે.જી. થી ધોરણ.૧૨ સ્નાતક અનુસ્નાતક, ડિપ્લોમા અને ડીગ્રી ધારકોએ સમાજના કાર્યાલય ખાતે જમા કરાવેલ માર્કશીટના આધારે કુરીયર મારફતે તેઓને ૩૦ દિવસની અંદર જે તે તારીખ અને સમયે ઓફિસેથી ઈનામ અને નિઃશુલ્ક ચોપડા મેળવી લેવાનું જણાવતા સામાજિક અંતર અને માસ્ક સાથે ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું.

ચાલુ વર્ષની માર્કશીટ પાછળ નામ, સરનામું, મોબાઈલ નંબર સહિત સમાજની ઓફિસે જમા કરાવવાનું જણાવું છે.

# ‘રક્તદાન મહાદાન’ સાર્થક કરતા ૬૫મી વખત બ્લડ ડોનેશન કર્યુ..!

ગાંધીનગર, તા. ૯

રક્તદાન મહાદાન આજના યુગમાં એકદમ યથાર્થ ઉક્તિ છે. રક્તદાન એ મહાદાન એટલા માટે કહે છે કે રક્તદાતા એક વખત રક્તદાન કરીને ત્રણ જીવનદાન આપી શકે છે .આ એક એવું દાન છે કે દાન આપનારને અભિમાન



નથી થતું અને સ્વીકારનારને તેનો સંકોચ નથી થતો. ગાંધીનગરના સંજય થોરાતે થેલેસેમીયા મેજર બાળક માટે રક્તદાન કરતાં આ વખતે ૬૫મી વખત બ્લડ ડોનેશન કર્યુ હતું. ગાંધીનગરના ઘણા નિયમિત બ્લડ ડોનરમાં એમનું નામ આવે છે. સૌએ રક્તદાન કરવું જોઈએ કારણ કે રક્ત એ જીવનરક્ષક દવા (Life saving drug) છે. જે કોઈ ફેક્ટરીમાં નથી બનતું, પરંતુ માનવ શરીર જ એની ફેક્ટરી છે. રક્તની જરૂરિયાત અને પુરવઠા (Demand and supply) વચ્ચે મોટો તફાવત છે . રક્તની સતત અછત વર્તાતી હોય છે. અકસ્માત, કેન્સર, પ્રસુતિ, વિવિધ પ્રકારના ઓપરેશનો તથા થૅલેસેમિયા જેવા જન્મજાત ઉણપ ધરાવતા રોગ માટે રક્ત એ એક આવશ્યક અને જીવનદાન આપનારું બની શકે છે.

## રોયલ એનફીલ્ડ દ્વારા અમદાવાદના નવા ફ્લેગશિપ શોરુમ અને અદ્યતન સર્વિસ વર્કશોપ ટ્રુપ મોટોનું ઉદઘાટન

ગાંધીનગર, તા. ૯

રોયલ એનફીલ્ડ દ્વારા આજે અમદાવાદમાં એસ.જી. હાઈવે પર તેમના નવા શોરુપમનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. ટ્રુપ મોટો નામના આ



૨૫૦૦ સ્કવેર ફીટના અદ્યતન શોરુમમાં તેમના તમામ બુલેટ રેન્જના મોટરબાઈક ઉપલબ્ધ રહેશે. ગણેશ મેરિડિયનમાં કારગિલ પેટ્રોલ પંપની સામે આ શોરુમમાં ગ્રાહકો માટે તમામ સુવિધાઓ ઉપલબ્ધ છે. ગ્રાહકો માટે સપ્તાહના તમામ દિવસોએ ઉપલબ્ધ આ શોરુમના સંપર્ક - ૬૩૫૯૯૫૦૦૦૧ અને ૬૩૫૯૯૫૦૦૦૨ કરી શકે છે. આ ઉપરાંત ટ્રુપ મોટો દ્વારા કંપની માન્યતાપ્રાપ્ત અદ્યતમ વર્કશોપનું પણ ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. ગુજરાત




હાઈકોર્ટ પાછળ આવેલ આ વર્કશોપમાં તમામ બુલેટબાઈકના સર્વિસ માટે કંપની દ્વારા ટ્રેઈન કરવામાં આવેલ સર્વિસ એન્જીનીયર ઉપલબ્ધ રહેશે અને ગ્રાહકોની બાઈક માટે પીકઅપ અને ડ્રોપની સુવિધા પણ આપવામાં આવે છે.

# ‘એક શિક્ષક એક વૃક્ષ’ની થીમ પર કલોલની પ્રા. શાળામાં વૃક્ષારોપણ



ગાંધીનગર, તા. ૯

કલોલ પૂર્વમાં આવેલ સરકારી પ્રા. શાળામાં જે.જે.કે.એમ. કલોલ દ્વારા વૃક્ષનાં વધામણાં કરી વૃક્ષારોપણ કરવામાં આવ્યુ.જન જાગૃતિ કેળવણી મંડળના પ્રમુખ ડૉ. એચ.કે.સોલંકીએ શાળામાં ટ્રી ગાર્ડ સાથે વૃક્ષો વાવીને શાળાના શિક્ષકોને દત્તક આપ્યાં હતા.નગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સુનિલ મેસરિયા, તેમજ નિલેશ આચાર્ય અને યોગેશ પરમાર વગેરેએ વૃક્ષો વાવ્યા હતા.કલોલ પૂર્વની સરકારી કન્યા શાળા નં.૧૦ ના આચાર્ય વિપુલકુમાર ગોહીલ અને કુમાર શાળા ૭ ના આચાર્ય હર્ષદકુમાર વાઘેલાએ સમગ્ર સ્ટાફ સાથે હાજર રહીને છોડ દત્તક લીધા.શાળાની બહેનોએ છોડનું પૂજન કરી વૃક્ષારોપણ કર્યુ.કલોલ નગરપાલિકાના એફ.એસ.ઓ.રાજેશ વાઘેલાએ ઉપસ્થિત રહીને સ્વચ્છ ભારત મિશન માટે ટિમ મૂકી હતી.ડૉ. એચ.કે.સોલંકીએ ચાલું વર્ષે સરકારી પ્રા. શાળાઓ,શૈક્ષણિક સંસ્થાઓ, શૈક્ષણિક સમાજ સંકુલો , સ્મશાનગૃહ તથા જાહેર રસ્તાઓ ઉપર ૫૦૦ વૃક્ષો વાવી તેનું જતન કરી પર્યાવરણ અને સ્વચ્છતા માટેના સંકલ્પ લીધા છે.ગામે ગામ અને ઘેર ઘેર વૃક્ષો વાવવા અને જાળવવા જોઈએ.

# શ્રીમતી એમ બી પટેલ કન્યા પ્રાથમિક શાળામાં વૃક્ષારોપણ કાર્યક્રમ




ગાંધીનગર, તા. ૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ બી પટેલ કન્યા પ્રાથમિક શાળા અને શાળાની બહાર વિવિધ વૃક્ષોનું વાવેતર કરી વૃક્ષારોપણ કાર્યક્રમ કરવામાં આવ્યું હતું અને ઓનલાઈન વૃક્ષારોપણનો પ્રોજેક્ટ તથા વૃક્ષારોપણનું મહત્ત્વ સમજાવામાં આવ્યું અને વિદ્યાર્થીની બહેનોને પોતાના ઘરની આસપાસ ફૂલછોડનું વાવેતર કરવામાં આવ્યું અને વૃક્ષારોપણ પર્વની ઊજવણી કરવામાં આવી હતી.

# શ્રી મુક્તજીવન સ્વામીબાપાનું ૭૭ વર્ષ પહેલાં શુભાગમન - મણિનગર મંદિરનો મંગલારંભ...

**કારણ સત્સંગના કેન્દ્ર સ્થાન સમા મણિનગરનો વિશ્વ વ્યાપી પ્રચાર અને પ્રસાર**

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનના સાર્વભૌમ નાદવંશીય ગુરુ પરંપરાના ચતુર્થ વારસદાર આષર્દ્રષ્ટા યુગદ્રષ્ટા શ્રી મુક્તજીવન સ્વામીબાપા આજથી બરાબર ૭૭ વર્ષ પહેલાં વિક્રમ સંવત ૧૯૯૯ ના શ્રાવણ વદ પાંચમ - નાગપાંચમ, તારીખ ૨૦-૦૮-૧૯૪૩ ને શુક્રવારના શુભદિને મણિનગર પધાર્યા.



આગલા દિવસે રાત્રે સ્વામીબાપા ચાલી જેવી ત્રણ ઓરડીએ આવી ઉતારો કર્યા બાદ સંતો સહિત સવારે વહેલા જાગ્રત થઈ નિત્ય કર્મથી પરવાર્યા. પછી ત્રણેય ખંડો જોતાં કોલસાનો ભરેલો એક કોથળો મળ્યો. ગયાસતેલનો ખાલી ડબ્બો પણ હાથ આવ્યો.

કોલસાના કોથળાને ? છોડતા વીંછી નીકળ્યા.આમ તો આજે શ્રાવણ વદ પાંચમ - નાગપંચમી હતી, છતાં વીંછીએ દેખા દીધા. વીંછી હાથે ચડ્યા ખરા પણ કરડ્યા નહીં. હાથ ખંખેર્યા પછી તો વીંછીની સરસ મજાની હરોળ થઈ ચાલવા લાગી. જાણે કે ઝવેરાત ભરેલા ગાડાં ચાલ્યાં. સનાતનધર્મસમ્રાટ શ્રી મુક્તજીવન સ્વામીબાપા કહે, આ વીંછી નથી, આ તો ધન ઊભરાય છે ધન. ધન- દોલતનાં ગાડાં છે. ત્રણ ઓરડામાં પૂર્વ બાજુનો જે ખંડ હતો (અત્યારે સંતોનો કોઠાર છે) તેમાં રસોડું કર્યુ. તે ઓરડાની પાછળના ભાગમાં એક નાનો કુવો હતો. (અત્યારે કોઠારના ભોંયરામાં તે કૂવાને દાટ્યા વિના ખૂણામાં થોડી જગ્યા વાળી લીધી છે. ભોંયરું નાનું રાખ્યું છે. ભોંયરાની એ દીવાલને અડીને અંદર ગોળાકારમાં કૂવાની ઈંટોવાળી દિવાલ છે.) તે કૂવામાંથી પાણી ખેંચવા એક ડોલ અને દોરડુ હતું.

તે દિવસો ચોમાસાના હતા, તેથી દશ્ય રળિયામણુ લાગતું હતું. ચારેબાજુ લીલાંછમ આંબાના વૃક્ષો અને આજુબાજુ જુવાર હતી. દક્ષિણ દિશામાં (અત્યારના બાઈઓના મંદિર પાસે વાઘરી લોકોના ઝૂંપડાં હતાં અને ચીભડાં શાકભાજી ઊગેલાં હતા. મંદિરની પશ્ચિમ બાજુએ (અત્યારે સભામંડપ - બ્રહ્મમહોલ છે) કેડ સમું પાણી ભરાઈ તેવું તળાવ હતું. જયારે પૂર્વ બાજુએ શ્રી અબજીબાપાશ્રી વિશ્રાંતિ ગૃહ છે તેની પાછળ) લગભગ માથોડું પાણી ભરાઈ તેવું તળાવ હતું અને ત્યાં બાવળિયાનાં વૃક્ષો ઊભાં હતાં. તે વૃક્ષોમાં વાંદરાનાં ટોળાં નિવાસ કરીને રહેતાં. ગામડાના ખેતરોમાં જાણે કે મંદિર ના હોય એવો ભાસ થતો હતો. ચોતરફ અવલોકન કર્યા પછી સ્વામીબાપાએ નજીકમાં રહેતા શ્રી ચંદ્રશંકરભાઈ દ્વિવેદીના બંગલેથી (ઘનશ્યામ વિલા) શ્રી સહજાનંદ સ્વામી મહારાજનાં પુષ્પ સૂંઘતા મૂર્તિ લઈ આવવા પડીને મોકલ્યો. અને સાથે આવેલા હરિભક્તને શેઠ શ્રી બળદેવભાઈના બંગલેથી બાપાશ્રીનાં મૂર્તિ લઈ આવવા રવાના કર્યા. બંને તરત મૂર્તિઓ લઈને આવ્યા. ચંદ્રશંકરના બંગલેથી પગી બધા માટે ખીચડી પણ ફાંટમાં લઈ આવેલો. બાપાએ ભગવા વસ્ત્રની ઝોળી બનાવી તે ખીચડીને ધોઈ સંતો પાસે કેરોસીનના ડબ્બાને અડધો કાપી સાફ કરાવીને બહારથી અને તળિયે પણ માટીનો લેપ કર્યો અને ખીચડી તેમાં પણ પકાવવા મૂકી. ચાલી જેવી ત્રણ ઓરડાની સામે બંગલા ઘાટનું મંદિર હતું. મંદિર અને ૩ ઓરડી વચ્ચે ખાડો હતો. (અત્યારે ભોંયરું બનાવી



લોખંડનું સામાન રાખ્યો છે. ) આ બંગલાકાર મંદિરમાં એક જ વિશાળ ઓરડ હતો. તેમાં માત્ર ભગવાનને પધરાવવા એક ઓટલો હતો. આ વિશાળ ખંડને?

કાન્તદ્રષ્ટા શ્રી મુક્તજીવન સ્વામીબાપાએ આજના દિવસથી કારણ સત્સંગનું કેન્દ્ર સ્થાન શ્રી સ્વામિનારાયણ મંદિર, મણિનગરનું શૂન્યમાંથી વિશાળ સર્જન કર્યુ હતું જેને આજકાલ કરતાં ૭૭ વર્ષો પસાર થઈ ગયા.